# હુંજ ગામમાં ખુંખાર દિપડાનો આતંક : બે ઘેટાં-બકરાનું મારણ કર્યુ

## ભરવાડો, પશુપાલકો અને ખેડુતોમાં ભયની લાગણી પ્રસરી

ભિલોડા, તા.૨૪

હિંમતનગર તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલ હુંજ ગામ સહિત આજુ-બાજુના ગ્રામ્યવિસ્તારોમાં વન્ય હિંસક પ્રાણી ખુંખાર દિપડાનો આતંક દિન-પ્રતિ-દિન વધતાં ભરવાડો,પશુ-પાલકો, ખેડુતો અને પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. હુંજ ગામના પાદરે આવેલ સીમ વિસ્તારમાં ભરવાડના વાડામાંથી બે ઘેટાં-બકરાંનું ગત મધ્યરાત્રે દિપડાએ શિકાર બનાવી મારણ કરતાં ભારે ફફડાટ ફેલાયો છે. હુંજ પંથકમાં દિપડાએ બે ઘેટાં-બકરાંનું ગત મધ્યરાત્રે મારણ કરતાં ભરવાડો, ખેડુતો, પશુપાલકો અને પ્રજાજનોમાં ભયની લાગણી પ્રસરી છે. ખેડુતો, પશુપાલકો અને ભરવાડો પશુઓને બચાવવા રાત્રે ઉજાગરા કરી મધ્યરાત્રે ફટાકડાની આતશબાજી કરે છે ત્યારે ફટાકડાના અવાજના કારણે ક્યારેક-ક્યારેક ખુંખાર દિપડો પશુઓનું શિકાર કરવા આવતો ન હોવાનું જાણવા મળેલ છે.

હુંજ પંથકના ખેડુતો, પશુપાલકો અને ભરવાડોની પ્રબળ લોકમાંગણી છે કે હિંમતનગર વન વિભાગના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે વન્ય હિંસક પ્રાણી ખુંખાર દિપડાને પાંજરૂ મુંકી ઝડપી લેવામાં આવે તેવી પ્રબળ લોકમાંગણી છે.

# હિમતનગરમાં કોંગ્રેસ દ્વારા નોટબંધી મુદ્દે વિરોધ



હિંમતનગર, તા.૨૪

સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિમતનગરમાં ગુરુવારે સાંજે જીલ્લા કોંગ્રસ દ્રારા કલેક્ટર કચેરી ખાતે દુધ, શાકભાજી અનાજ ફેકી નોટ બંધીનો વિરોધ દર્શાવ્યો હતો જેમાં પોલીસે ૬૦થી વધુ કાર્યકરોની અટકાયત કરી હતી.

સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસ નવા વરાયેલા પ્રમુખ ગોપાલસિંહ રાઠોડની આગેવાની હેઠળ જીલ્લા પંચાયત પ્રમુખ-રાજેન્દ્રસિંહ કુંપાવત, પ્રાંતિજ ધારાસભ્ય- મહેન્દ્રસિંહ બારૈયા, જીલ્લા મહિલા મોરચાના પ્રમુખ નિર્મલાબેન પંચાલ સહીત મોટી સંખ્યામાં કાર્યકરો ધ્વારા કેન્દ્ર સરકાર દ્રારા નોટ બંધીના વિરોધમાં કાર્યક્રમો આપ્યો હતો જેમાં હિમતનગરની કલેક્ટર કચેરી ખાતે કોંગેસના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને દુધ, શાકભાજી, કપાસ અને અનાજ ફેકીને તેમનો વિરોધ દર્શાવ્યો હતો.નોટ બંધીના વિરોધમાં જ્યારે લોકો દુધ, શાકભાજી અને અનાજ લેવા છુટા પૈસા માટે ફરે છે. ત્યારે તેમના માટે કોંગ્રેસે આ વિરોધ કર્યો હતો. તો બીજી તરફ વિરોધ બાદ રોડ પર પડેલ ફેકેલી ચીજ વસ્તુઓને એક વૃધ્ધ મહિલા કે જે અનાજ વીણી રહી હતી આમ તો અનાજ ફેકી ના દેવાય તો બીજી તરફ ફેકી દીધેલ અનાજની કદર કરતી આ વૃધ્ધ મહિલા અન્ન એકત્રિત કરીને લઈ જઈ રહી હતી. આતો કેવુ રાજકારણ જો આ અનાજ ફેકી દીધા વગર કોઈ ગરીબ કે અનાથ બાળકને અપાયુ હોત તો સારુ આ અંગે જીલ્લા કોંગ્રેસ પ્રમુખ ગોપાલસિંહ રાઠોડે જણાવ્યું હતુ કે નોટ બંધીના કારણ જે તકલીફ પડી રહી છે તેના વિરોધમાં કાર્યક્રમ કર્યો છે અને કલેક્ટર કચેરી ખાતે દુધ શાકભાજી અને અનાજ લઈ જઈને વિરોધ કરાયો છે. તો બીજી તરફ આ વિરોધને લઈને જીલ્લા એલસીબી સહીત સ્થાનિક પોલીસે કલેક્ટર કચેરીને ઘેરી લીધી હતી અને વિરોધ કરવા આવેલા ૬૦ જેટલા મહિલા સહીતના કોંગ્રેસના કાર્યકરોને ડીટેન કરી બી-ડીવીઝન પોલીસ સ્ટેશને લાવ્યા હતા.

# ભેસાવાડા નજીક માનવ રહિત ફાટક પર કાર-ટ્રેન વચ્ચે અકસ્માત

## કારચાલકનો અદ્દભુત બચાવ



મોડાસા, તા.૨૪

મોડાસા-નડિયાદ રેલલાઈન પર ૯ થી વધુ ક્રોસીંગ માનવરહિત ફાટક હોવાથી છાશવારે ટ્રેન સાથે વાહનચાલકો અથડાતા હોવાની ઘટનાઓ વારંવાર બની રહી છે. રેલવે તંત્રમાં વારંવાર રજૂઆત કરવા છતાં જવાબદાર અધિકારીઓ દ્વારા ક્રોસીંગ પર ફાટક સાથે ગેટમેન મુકવાની હૈયાધારણા આપી વાહનચાલકો અને પ્રજાજનોને ભગવાન ભરોસે છોડી દીધા હોય તેવા ઘાટ સર્જાયો છે.

ધનસુરામાં પવૈયાના વેપારી દિનેશ પ્રજાપતી વહેલી સવારે ટાટા વીસ્ટા કાર (જીજે૨૩. એએમ. ૨૮૯૫) લઈ શીકાથી રણાસણ જતા હતા ત્યારે ભેસાવાડા નજીક માનવ રહીત રેલવે ક્રોસીંગ પરથી પસાર થતી મોડાસા-નડિયાદ ટ્રેન સાથે ગાઢ ધુમ્મસના પગલે ન દેખાતા ગમકવાર અકસ્માત સર્જાયો હતો. કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. સદ્દનસિબે કાર ચાલકનો અદ્દભૂત બચાવ થતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## આઈ સ્પોર્ટ પી.એમ.

# મોદીના સમર્થનમાં પાલનપુરના રહીશોએ ૧૦૦ની ૪૦૦ નોટો બેંકમાં જમા કરાવી



પાલનપુર, તા.૨૪

મોદી સરકારે ૫૦૦ અને ૧૦૦૦ ની ચલણી નોટો પર પ્રતિબંધ મુકાયા ને આજે ૧૪ માં દિવસ થયો છે ત્યારે હવે મોદી ને સમર્થન આપવા માટે પાલનપુરીઓ ૧૦૦ની ચલણી નોટો બેંક માં જમા કરાવી રહયા છે. આજે પાલનપુરના કમલેશભાઈ મહેતા અને ઈશ્વરભાઈ જોશી એ પોતાના ઘરમાં પડેલા બચતના ૧૦૦ની નોટોને બેન્કમાં જમા કરવી સૌનો સાથ સૌનો વિકાસના સૂત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કર્યો છે. નાગરિકો જૂની નોટ બદલવા માટે કલાકો સુધી લાઈનોમાં ઉભા રહે છે છતાં પણ લોકો મોદી સરકારના કાળાનાણાં સામેના નિર્ણયને સમર્થન આપી રહ્યા છે.

આજે બનાસકાંઠા જિલ્લાના શિવસેનાના પ્રમુખ કમલેશભાઈ મહેતાએ મોદીને સ્પોર્ટ માટે ઘરમાં બચત કરેલી ૧૦૦-૧૦૦ ની ૪૦ હજાર રૂપિયાની ચલણી નોટો બેંકમાં જમા કરવા પહોંચી ગયા. દેશના લોકતંત્રમાં નાગરિક તરીકે મુશ્કેલી સમય નાગરિક ધર્મ નિભાવો એ દરેકની ફરજ હોય છે તેવું માનનારા બનાસકાંઠા શિવસેનાના જિલ્લા પ્રમુખ કમલેશભાઈ મહેતાએ જણાવ્યું હતું કે હાલમાં લગ્નની સીઝન ચાલી રહી છે ત્યારે દરેકના સામાજિક પ્રસંગો સચવાઈ રહે એ માટે પોતાની પાસે પડેલી ૧૦૦ અને ૫૦ની નોટો બેંકોમાં જમા કરાવી લોક ઉપયોગી કાર્ય કરવું જોઈએ તો નરેન્દ્ર મોદીને સ્પોર્ટ માટે પાલનપુરના ઈશ્વરભાઈ જોશી પણ પોતાની ધર્મપત્નીએ બચત કરેલા ૧૦૦-૧૦૦ ની ૧૦૦૦૦ રૂપિયા રકમ લઈને બેન્ક માં જમા કરાવી હતી. તેમની સાથે વાતચીતમાં લોકોને અપીલ કરતા કહયું હતું કે દેશ હિત માટે પોતાન પાસે પડેલી વધારાની રકમ બેંકમાં જમા કરાવી જોઈએ.

## બાયડના ડેમાઈ જિલ્લા પુરવઠા અધિકારીએ

# ૧૬૦૦ કિલો ગેરકાયદેસર ઘઉંનો જથ્થો ઝડપ્યો

બાયડ, તા. ૨૪

બાયડના ડેમાઈમાંથી જિલ્લા પુરવઠાની ટીમે રેડ કરી એક ખાનગી દુકાન પાસેથી ૧૬૦૦ કિલો ઘઉંનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પીકઅપ ગાડીમાં એફસીઆઈ ઘઉંના ૩૧ કટ્ટા લઈ જવાતા હોવાની જાણ થતા જિલ્લા પુરવઠા અધિકારીએ રેડ કરી ડેમાઈ પાસેથી પીકઅપ ગાડીને ઝડપી પાડી હતી. જિલ્લા અધિકારીઓ દ્વારા રેડ કરી ગેર કાયદેસર રીતે લઈ જવાતા ઘઉં ઝડપી પડાતા સ્થાનિક લોકોમાં બાયડ પુરવઠા અધિકારીની કામગીરી પ્રત્યે અનેક સવાલો ઉભા થયા છે.

જિલ્લા પુરવઠાની ટીમ દ્વારા ઘઉંનો જથ્થો ઝડપી પડાતા કાળા બજારીયાઓમાં ફફડાટ વ્યાપ્યો છે. દર મહીને ગરીબ અને મધ્યમ વર્ગના લોકો દ્વારા સસ્તા અનાજની દુકાનેથી તેમને મળતા અનાજ સામે મીટ માંડીને બેઠા હોઈ ત્યારે કા તો અમુકવાર સરકાર દ્વારા તેમના જથ્થામાં કાપ મુકવામાં આવે છે. કા તો પડતામાં પાટુ હોઈ તેમ આવા કાળા બજારીયાઓ કટકી કરી લેતા હોય છે. ગરીબોનો કોળિયો છીનવાઈ નહિ તે હેતુથી એક તરફ સરકાર દ્વારા સરકારની દરેક યોજનાઓ ગરીબો સુધી સીધે સીધી પહોંચે તે માટે અથાગ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

જિલ્લાની ટીમે ઝડપી પાડેલો આ ઘઉંનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને ક્યા લઈ જવાતો હતો તે અંગે પણ જિલ્લા પુરવઠા અધિકારીએ તપાસ કરી રહ્યા છે.

# પ્રાંતિજ સહિત અન્ય તાલુકાઓની શાળાઓમાં આરોગ્ય તપાસ કેમ્પ યોજાશે

## ૩૮૩ શાળાઓ આંગણવાડી કેન્દ્રનાં ૩૯૧૮૯ બાળકોની તપાસ થશે

પ્રાંતિજ તા.૨૪

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે પણ ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ૨૧ નવેમ્બર થી ૨૧ જાન્યુઆરી સુધી શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ શાળાઓને આવરી લેવામાં આવશે.

સરકાર દ્વારા શાળા આરોગ્ય તપાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુંછે જેનાં ભાગરૂપે પ્રાંતિજ ખાતે આવેલ શાળા નંબર- ૭માં નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ અને જિલ્લા આઇ.આ.સી ઓફિસર જે.આઈ. સુથારની ઉપસ્થિતિમાં કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો જયારે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનીષ ફેન્સી તથા તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. ગૌતમ નાયકના માર્ગદર્શન હેઠળ કેમ્પ દરમિયાન પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ કુલ-૩૮૩ શાળાઓ અને આંગણવાડી કેન્દ્રોના કુલ- ૩૯૧૮૯ બાળકોને આવરી લેવામાં આવશે જેમાં ૦ થી ૧૮ વર્ષના બાળકોને તંદુરસ્ત અને સ્વસ્થ બનાવવાં તાલુકાની આરોગ્ય ટીમ દ્વારા અડગ નિર્ધાર કરવામાં આવેલ છે જેમા હૃદય, કિડની, કેન્સર જેવી ભયંકર બિમારી ધરાવતાં બાળકોને આવરી લેવામાં આવશે.

# ઝેરીલા સાપ પકડતા ઈસરોલ ગામના સેવાભાવી તબીબ



મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લામાં વ્યવસાયે તબીબ એવા એક યુવાન ગ્રામીણ વિસ્તારોમાં ઘરોમાં કે સીમમાં નીકળતા ઝેરીલા સાપ જીવતા પકડીને જંગલમાં છોડી નિઃશુલ્ક લોકસેવા કરી રહ્યા છે.

મોડાસા તાલુકામાં મોટી ઈસરોલ ગામે રહી પૂર્ણ સમયના તબીબના વ્યવસાય સાથે સંકળાયેલ યુવાન ડૉ. સિદ્ધરાજસિંહ રહેવર આ વિસ્તારમાં કોઈપણ ગામ, શહેર કે કોઈ સિમ ખેતરમાં ઝેરીલા સાપ કે અજગર દેખા દે તો સહુ કોઈ આ તબીબને બોલાવે અને કોઈપણ ચાર્જ લીધા વિના પોતાના ખર્ચે સ્થળ ઉપર જઈ સલામત રીતે સાપને પકડી લે છે અને ઉંગલ વિસ્તારમાં છોડી આવે છે. જ્યારે અજગર જેવા લાંબા સાપ નીકળે તો પકડીને એક ડબામાં પુરી જ જંગલ ખાતાના અધિકારીઓને બોલાવી સોંપી દે છે.

તાજેતરમાં જ આવા અજગર કે ઝેરીલા સાપ પકડી વનખાતાને સોંપી દેતા સલામત રીતે જંગલમાં છોડી દેવાયા હતા. ટીવી ઉપર આવતી ડિસ્કવરી ચેનલ જોઈને સાપ પકડવાનો કરતબ શીખીને આ તબીબ આજે દસકાથી ગ્રામ્ય વિસ્તારમાં સાપ પકડી સલામત રીતે જંગલમાં છોડી સામાજિક સેવાનું કામ કરી રહ્યા છે.

# શામળાજી નજીક ગડાદરની સીમમાંથી એક્સ્પ્લોજીવનો જથ્થો ઝડપાયો

## એકની ધરપકડ કરાઈ : બાઈક પર પસાર થઈ રહેલ શખ્સ પાસેથી જીલેટીન ટોટા અને ડીટોનેટર મળી આવતા પોલીસે તપાસ હાથ ધરી





મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લામાં શામળાજી નજીક ગડાદરની સીમમાંથી પસાર થઈ રહેલ એક શખ્સ પાસેથી ગેરકાયદેસર એક્સ્પ્લોજીવનો જથ્થો મળી આવતાં પોલીસે આ શખ્સની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

શામળાજી પોલીસમથકના અ.પો.કો. ઈન્દ્રસિંહ મહેન્દ્રસિંહ નોંધાવેલ ફરિયાદ મુજબ આ કામના આરોપી જગદીશચંદ્ર ગણેશજી બેલાઈ (રહે. નેગડીયા, તા. આસીન્દ, જિ. ભીલવાડા, રાજસ્થાન) પોતાના કબજાની મોટર સાયકલ લઈને શામળાજી પાસેના ગડદારની સીમમાંથી પસાર થઈ રહ્યા હતા. દરમિયાન શામળાજી પોલીસે આ શખ્સને રોકી તેની તલાશી લેતા તેની પાસે લાયસન્સ વગરનો એક્સપ્લોજીવનો જથ્થો મળી આવ્યો હતો. જેમાં ૧૦ જીલેટીન ટોટા તથા ૧૦ જેટલી સફેદ રંગના વાયરવાળી ડીટોનેટર કેપો કિંમત રૂ. ૬૫૦ મળી આવા હતી. આ અંગે શામળાજી પોલીસ એક્સપ્લોજીવ એક્ટ ૧૯૮૪ની કલમ ૯બી(૧) ગુનો નોંધી વધુ તપાસ એ.એસ.આઈ. બાલુસિંહ સોમસિંહ ચલાવી રહ્યા છે.

# શામળાજી પોલીસે અણસોલ નજીક કારમાંથી ૧.૨૯ લાખનો દારૂ ઝડપ્યો

## વિદેશી દારૂની જુદી જુદી ૨૭ પેટીઓ ૪૨૦ નંગ બોટલો જપ્ત કરાઈ

શામળાજી પોલીસે બુધવારે સાંજે અણસોલ ગામની સીમમાં રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતા રાજસ્થાન તરફથી આવી રહેલી ઈકો કાર (ગાડી નં. આરજે.૨૭. સીએફ. ૩૯૮૨)ની શંકાસ્પદ ગતિના પગલે અટકાવી તલાશી લેતા ઈકો કારમાંથી વગર પાસ પરમીટનો ગેરકાયદેસર વિદેશી દારૂની જુદી જુદી પેટીઓ નંગ-૨૭ જેમાં કુલ બોટલો નંગ ૪૨૦ કિંમત રૂ. ૧૨૯૬૦૦ તેમજ મોબાઈલ ફોન નંગ-૨ કિંમત રૂ. ૧૦૦૦ તથા ઈકો મારૂતિ કારની કિંમત રૂ. ૨ લાખ મળી કુલ રૂ. ૩,૩૦,૬૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી કારચાલક કૈલાશચંદ્ર પુંજાજી મીણા (ઉં.વ.૨૮, રહે. બાયડી, તા.



ખેરવાડા, જી. ઉદેપુર, રાજ.) તથા કેશવલાલ કાનાજી અહારી (ઉં.વ.૩૫, રહે. બેલવડી, તા. રૂષભદેવ, જી.ઉદેપુર, રાજસ્થાન)ની ધરપકડ કરી પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી વિદેશી દારૂ ભરી આપનાર માનસીંગ શંકરલાલ મીણા (રહે. રાબીયા, તા. ખેરવાડા, રાજસ્થાન) તેમજ જાવેદખાન ઈકબાલ ખાન મલેક (રહે. મનાતલાઈ ઉદેપુર) તેમજ જે બુટલેગરને ગુજરાતમાં દારૂ પહોંચાડવાનો હતો મહેન્દ્રસીંહ બાપુ નામના ત્રણ બુટલેગરોની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા. શામળાજી પોલીસ દ્વારા સઘન પેટ્રોલીંગ હાથ ધરાતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે.

# થરા દેના બેંકમાં ગ્રાહકે પોલીસનો રોફ જમાવી ગાર્ડને ધમકાવ્યો

શિહોરી, તા. ૨૪

કાંકરેજના વેપારી મથક થરામાં આવેલી દેનાબંકમાં માનાભાઈ નામનો કસ્ટમર બેંકના ગાર્ડ સાથે માથાકુટ ઉપર ઉતરી આવ્યો હતો અને પોલીસમાં છું નહિ પરંતુ રાજેશનો ભાઈ મુકેશભાઈ માનાભાઈ પોલીસમાં ફરજ બજાવે છે. જેનો લાભ







ઉઠાવી આ મહાશયે થરા દેનાબેંકમાં હલ્લો મચાવી દિધો હતો. દેના બેંક મેનેજર તરૂણભાઈ પોતાની ચેમ્બરમાં બેઠા હતા. જ્યારે બહાર કેશિયર અને ગાર્ડ તેમજ હોમગાર્ડના જવાનો સાથે પોલીસનું આઈ કાર્ડ બતાવી રોફ જમાવનાર રાજેશભાઈ થરાનો હોવાથી રૂપિયા ઉપાડવા અને જમા કરાવવા માટે સવારથી જ લાંબી કતારો જામે છે. ત્યારે એક રાજેશ તેવું કહી ગાર્ડને ધમકી આપી હતી. ત્યારે આ બાબતે બેંકવાળાએ તપાસ કરતાં પોતે પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યુ હતુ. પરંતુ બેંકમાં આવેલા ગ્રાહકોએ આવો તમાશો કરનાર વ્યક્તિ ઉપર ફિટકાર વરસાવ્યો હતો. અને થોડીજ વારમાં આ શખ્સ છુમંતર થઈ ગયો હતો. આમ પોતાના ભાઈનું પોલીસ આઈ કાર્ડ તેની પાસે આવ્યું કેવી રીતે ? શું આ કાર્ડનો ઉપયોગ કોઈ બીજી વ્યક્તી કરી શકે ખરા ? જેવા વેધક સવાલો બેંકમાં આવેલા ગ્રાહકો કરી રહ્યા હતા. આ બાબતે સીસીટીવી ફુટેજ તપાસ કરી કાયદેસરની કાર્યવાહિ કરાય તે જરૂરી અન્યથા કોઈ પણ વ્યક્તિ આવો ગેરલાભ ઉઠાવી બેંકને હાનિ પહોંચાડી શકે છે. જેવા સવાલો લોકોમાં ચર્ચાના ચકડોળે ચડવા પામ્યા હતા.